GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૬૨૬૮ તા.- ૨૨/૧૦/૨૧

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી
તમામ શાળા
ન.પ્રા.શિ.સમિતિ, સુરત

વિષય:- Tobacco Free Education Guideline reg. કરવા બાબત.
સંદર્ભ:-ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૧૭૫૩-૮૩૯નાં પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, તા.૧૮/૦૯/૨૦૨૧ નાં પત્ર અન્વયે તમાકુના સેવનથી કેન્સર , કાર્ડીઓવિલસ્ક્યુલર, ડાયાબીટીસ અને ફેફસાના રોગો જેવા ગંભીર રોગો થાય છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ગ્લોબલ યુથ ટોબેકો સર્વે **(GYTS-4)** કરવામાં આવેલ છે. જેના તારણો મુજબ ૮ થી ૧૩ વર્ષની વયના ધોરણ ૮ થી ૧૦ નાં ૮.૫% વિધાર્થીઓ કોઈપણ સ્વરૂપે તમાકુનો ઉપયોગ કરે છે. સર્વેક્ષણ અન્વયે તમાકુનો વ્યાપ છોકરાઓમાં ૯.૬% અને છોકરીઓમાં ૭.૪% છે.૨૮.૮% વિધાર્થીઓ શાળા પરિસરમાં પણ ધૂમ્રપાન કરતા જોવા મળેલ છે.

વધુમાં જણાવવાનું કે, ભારત સરકારશ્રીનાં ઉક્ત પત્રમાં જણાવ્યા મુજબ તમાકુ નિયંત્રણ અધિનિયમની કલમ-૬ ના અમલીકરણ માટે અને શાળામાં ભણતા વિધાર્થીઓમાં નાની ઉંમરથી થતી આડઅસરો અને બીમારીઓ વિશે જાગૃતિ આવે તેમજ વિધાર્થીઓમાં તમાકુનો ઉપયોગ અટકાવી શકાય તે હેતુથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ-૨૦૧૯ માં 'તમાકુ મુક્ત શૈક્ષણીક સસ્થાઓ' (ToFEI) માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે આ માર્ગદર્શિકા શાળાઓમાં ચુસ્તપણે અમલીકરણ કરવા જણાવવામાં આવે છે. તથા https://ntcp.nhp.gov.in/assets.doeament/TEFI-Guidelines.pdf પરથી માર્ગદર્શિકા ડાઉનલોડ કરવાની રહેશે. જેની નોંધ લેવી .

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

<u>નકલ રવાના:-</u> ઈ.ચા. ઉપશાસનાધિકારી ન.પ્રા.શિ.સમિતિ, સુરત તરફ જાણ સારૂ.
<u>નકલ રવાના:-</u> નિરીક્ષકશ્રી તમામ, ન.પ્રા.શિ.સમિતિ, સુરત તરફ જાણ સારૂ.